**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૫/૩/૨૦૧૪ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૭૪૦/૧૪**

**તા.૧૨/૩/૧૪ ના રોજ કાલુપુર શાક માર્કેટ પાસે, મીલ કંપાઉન્ડની ઝાડીઓમાંથી મળી આવેલ અજય રામભાઈ યાદવનુ ખુન કરનાર ચાર ઈસમોને રીવોલ્વર તથા પિસ્ટલ સાથે ઝડપી પાડી ખુનના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ,**

તાજેતરમાં અમદાવાદ શહેરમાં બનેલ ખુનના ગુના સહીતના ગંભીર પ્રકારના ગુનાઓ શોધી કાઢવા અંગે પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી, નાયબ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ આપેલ સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ તથા ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.બી.દેસાઈ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.એન.કુરમી તથા પોલીસ સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં આજરોજ પેટ્રોલીંગમાં હતા. દરમિયાન, “તા.૧૨/૩/૧૪ ના રોજ સવારના કાલુપુર શાક માર્કેટ પાસે, મીલ કંપાઉન્ડની ઝાડીઓમાંથી મળી આવેલ અજય રામભાઈ યાદવનુ ખુન કરનાર ઈસમો સોનીની ચાલી, ઓઢવ રીંગ રોડ થઈ એક સફેદ રંગની કાર નં.જીજે-૧-કેએલ- ૮૫૨૫ માં બેસી અમદાવાદ શહેર બહાર નાસી જવા સારૂ નીકળેલ છે.” મુજબની મળેલ ચોક્કસ બાતમી આધારે ઓઢવ રીંગ રોડ સર્કલ ખાતે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ સ્ટાફના અધિકારી તથા માણસો સાથે વ્યુહાત્મક વૉચ ગોઠવી સોનીની ચાલી તરફથી આવતી ઉપર મુજબની કારને રોકી લઈ કારમાં સવાર વાહન ચાલક સુલતાનસિંહ રાજેન્દ્રસિંહ તોમર ઉ.વ.૨૨ રહે. બી/૧૬/૧૦૮, ઈન્ડીયા બુલ્સ સેન્ટ્રમ પાર્ક ફ્લેટ, હરીભાઈ ગોદાણી દવાખાના પાસે, સરસપુર, અમદાવાદ શહેર. મુળ ગામ : બરવાઈ, થાના- અંબા, તા- અંબા, જી- મુરૈના, એમ.પી. તથા સાથેના અન્ય ઈસમ નામે રાજેન્દ્રસિંહ ઉર્ફે ડબ્બુ S/O શંકરસિંહ જંગજીતસિંહ તોમર, ઉ.વ.૪૫, રહે સદર ની અંગઝડતી તપાસ કરતા રાજેન્દ્રસિંહ ઉર્ફે ડબ્બુના કબ્જામાંથી એક દેશી રીવૉલ્વર પાસ પરવાના વગરની મળી આવતા તેઓ બંન્ને વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધેલ છે.

આ બંન્ને ઈસમોની મળેલ બાતમી અંગે પુછપરછ કરતા અજય રામભાઈ યાદવના ખુનના ગુનામાં સંડોવાયેલ અન્ય બે ઈસમો (૧) વિષ્ણુ S/O શંકરસિંહ જંગજીતસિંહ તોમર રહે. ૪, આચાભાઈની ચાલી, ડબ્બા બહારની સામે, સરસપુર, અમદાવાદ શહેર. (૨) સંજય રાજુભાઈ કોલી મહાવર ઉ.વ.૨૨ રહે. બી/૬, ઈન્ડીયા બુલ્સ સેન્ટ્રમ પાર્ક ફ્લેટ, હરીભાઈ ગોદાણી દવાખાના પાસે, સરસપુર, અમદાવાદ શહેર વાળા તેઓના રહેણાંકે હોવાનુ જણાવતા જે આધારે પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એન કુરમી નાઓની ટીમ મારફતે સદર ઈસમો પૈકી સંજય રાજુભાઈ કોલી મહાવરના રહેણાંકે તપાસ કરાવતા જ્યાં સંજય રાજુભાઈ કોલી મહાવર તથા અન્ય ઈસમ વિષ્ણુ S/O શંકરસિંહ જંગજીતસિંહ તોમર એ રીતેના બંન્ને જણા એક પીસ્ટલ તથા ત્રણ કારતુસ સાથે મળી આવતા તેઓની વિરૂધ્ધ પણ અલાયદી આર્મ્સ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

સદર ચારેય આરોપીઓને અજય રામભાઈ યાદવના ખુન બાબતે પુછપરછ કરતા આ ચાર આરોપીઓ પૈકી આરોપી રાજેન્દ્રસીંગ તોમરની ઉ.,વ.૧૮ ની દીકરીને આ અજય રામભાઈ યાદવ સાથે પ્રેમ સબંધ હતો અને એકવાર અજય યાદવ આરોપી રાજેન્દ્રની દીકરીને ભગાડી દીલ્હી મુકામે લઈ ગયેલ બાદ પરત આવતા બંન્ને પક્ષકારો વચ્ચે સામાજીક રીતે લગ્ન શક્ય ન હોય આરોપીની દીકરી તથા અજય યાદવ વચ્ચેનો સબંધ ભુલી જવા સમાધાન થયેલ તેમ છતા અજય યાદવ તરફથી આરોપી રાજેન્દસિંહ તોમરની દીકરીને હેરાન કરવાનુ ચાલુ રાખતા આ અજય યાદવનો કાંટો દુર કરવા આરોપી રાજેન્દ્રસિંહના દીકરા સુલતાનસિંહ તોમરે પોતાના કાકા વિષ્ણુસિંહ તોમર તથા તથા પોતાના મિત્ર સંજય રાજુભાઈ કોળી રાજપુતને સાથે રાખી તા.૧૨/૩/૨૦૧૪ ના રોજ રાત્રિના બે વાગ્યાના સુમારે ગોમતીપુર, હરીભાગી ગોદાણી ચાર રસ્તા ખાતેથી અજય રામભાઈ યાદવને કાર નં. જીજે-૧-કેએલ- ૮૫૨૫ માં બેસાડી લઈ શાક માર્કેટ, તરૂણ કોમર્શીયલ મીલ કંપાઉન્ડમાં લાવી પોતાના પિતાને પણ કાલુપુર ખાતેની જણાવેલ જગ્યાએ બોલાવી ચારેય આરોપીઓએ ભેગા મળી લાકડીઓ તથા બેઝબોલ સ્ટીક વડે અજય રામભાઈ યાદવને માર મારી મોત નિપજાવી નાસી ગયેલ હોવાની વિગત જણાવેલ છે.

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી વિષ્ણુસિંહ તોમર અગાઉ ક્રાઈમ બ્રાન્ચ ખાતે હથિયારના કેસમાં પકડાયેલ છે. તેમજ આરોપી સંજય રાજુભાઈ કોળી રાજપુત અગાઉ શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં રીક્ષા બાબતે થયેલ ઝગડાના કેસમાં પકડાયેલ છે.

**<u>ઓટો રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી નજર ચુકવી થેલામાંથી દાગીનાઓની ચોરીઓ કરતી ટોળકીના-૪ સભ્યોને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપી લેવામાં આવ્યા</u>**

અમદાવાદ શહેરમાં ઓટો રીક્ષામાં પેસેન્જરોને બેસાડી તેઓની સાથે પોતાની ટોળકીના સભ્યોને પેસેન્જર તરીકે રીક્ષામાં ભેગા બેસાડી આ રીતે બેસાડેલ પેસેન્જરની નજર ચુકવી લોકો પાસેની કીમતી માલમતાની ચોરીઓના બનાવો અવાર નવાર બનવા પામતા હોય અને આ પ્રકારના ગુન્હાઓ કરનાર ટોળકીના સભ્યોને પકડી લઈ આવા ગુનાઓ અટકાવવા સારુ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય, જે અનુસંધાને સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીક્રાઈમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાન્ચ નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાન્ચ નાઓના માર્ગ દર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી જે.એસ.ગેડમ તથા પોસઈશ્રી બી.આર.પરમાર તથા પો.સ.ઈ.શ્રી સી.બી.ચૌધરી તથા તેઓની ટીમના માણસો આજરોજ તા.૧૫/૩/૧૪ ના રોજ અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્કોડના હે.કો.તખતસિંહ જીલુભા તથા સીરાજ લીયાકતઅલી નાઓની ચોક્કસ બાતમી આધારે આવા પ્રકારના ગુન્હાઓ આચરનાર ટોળકીના ચાર સભ્યોને આસ્ટોડીયા ઢાળની પોળ સામેથી તેઓના કબ્જાની એક સી.એન.જી.રીક્ષા નં-જી.જે-૧.સી.યુ.ડ૫૯૫ ની તથા તેઓ પાસેના સોનાના દાગીનાઓ સાથે ઝડપી લેવામાં આવેલ જેમાં **<u>(૧) અસગર અલી હિદાયતઅલી સૈયદ ઉ.વ.૩૮ રહે.મ.નં.બી/૯૨ અલીફનગર કેનાલ પાસે વટવા અમદાવાદ તથા (૨) મહંમદ અસલમ ઈસ્લામુદીન અંસારી ઉ.વ. ૪૨ રહે. મ.નં. ૩૫, એલ.એચ.પાર્ક જાસલપુર રોડ કડી જિ.મહેસાણા (૩) ઈરફાન ચાંદભાઈ મનસુરી ઉ.વ. ૨૭ રહે. મ.નં. ૩૨૭ મદનીનગર જનતાનગર પાસે રામોલ અમદાવાદ તથા (૪) મહમદ રાકીબ મહમદ આરીફ અંસારી ઉ.વ. ૨૩ રહે. ગુજરાત બેકરી મોટા તળાવ સામે ધુમ્મટીયાની બાજુમાં કડી જિ.મહેસાણા</u>** નાઓ પાસેથી (૧) સોનાનો હાર-૧, (૨) સોનાની પાટલા નંગ-૨, (૩) કાનની બુટ્ટી જોડી-૧ (૪) સોનાની વીંટી નંગ-૨ (૫) સોનાની કાનની સેર જોડી-૧ મળી કુલ્લે વજન ૬૯ ગ્રામ ૮૧૯ મીલીગ્રામ દાગીના કીંમત રૂ. ૨,૦૯,૫૦૦/- તથા ઉપરોકત સી.એન.જી. ઓટો રીક્ષા નં-જી.જે-૧.સી.યુ.ડ૫૯૫ કિ.રૂ. ૯૦,૦૦૦/- ની મળી કુલ્લે રૂ.૨,૯૯,૫૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા જેઓના વિરુદ્ધમાં સીઆરપીસી ૪૧(૧)(ડી) મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ ચારેય આરોપીઓની પુછપરછ દરમ્યાન તેઓ ચારેય જણાએ મળી ગઈ તા.૧૧/૩/૨૦૧૪ ના મંગળવારના દિવસે સવારના દશેક વાગ્યાના અરસામાં સુભાષબ્રીજ સર્કલથી એક બહેનને પેસેન્જર તરીકે રીક્ષામાં બેસાડેલા અને ચાલુ રીક્ષાએ તે બેન પાસેનો થેલો રીક્ષામાં પાછળની ભાગે મુકાવડાવી તે બેનની નજર ચુકવી થેલામાના આ દાગીના ચોરી કરી લઈ થોડે આગળ જઈ રાણીપ ચાર રસ્તા પહેલા રીક્ષાનો વાયર તુટી ગયેલ હોવાનુ જણાવી તે બેનને રોડ ઉપર જ ઉતારી દઈ ચારેય ઈસમો પોતાની રીક્ષા લઈ નાસી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે જે આધારે તપાસ કરતાં આ બાબતે રાણીપ પો.સ્ટે. ખાતે ફર્સ્ટ ગુ.ર.નં. ૨૮/૧૪ ઈ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબ ૭ તોલા સોનાના ઉપરોકત દાગીનાની રીક્ષામાં બેસેલ પેસેન્જર પાસેથી ચોરી થયેલ હોવા અંગેનો ચોરીનો ગુનો દાખલ થયેલ હોવાનુ જણાઇ આવેલ છે. એ રીતેનો ઉપર મુજબનો ગુન્હો ડીટેક્ટ થવા પામેલ છે. જ્યારે આરોપીઓની વધુ પુછપરછ કરી અમદાવાદશહેરતથા આજુબાજુના વિસ્તારમાં આ પ્રકારની મોડસ ઓપરેન્ડી વડે બનેલ અન્ય વણશોધાયેલ ગુન્હાઓમાં આરોપીઓની સંડોવણી બાબતેની વધુ તપાસ તજવીજ પો.ઈન્સ.શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

## આરોપીઓની એમ.ઓ.

આ કામના આરોપીઓ પૈકી આરોપી અસગરઅલી હિદાયતઅલી સૈયદ નાનો પોતાની માલિકીની ઉપરોકત સી.એન.જી.રીક્ષા ધરાવે છે અને ચારેય આરોપીઓએ એક ટોળકી બનાવી નક્કી કર્યા મુજબ ચારેય આરોપીઓ પૈકી કોઈ એક આરોપી રીક્ષા ચલાવી લે જ્યારે બાકીના આરોપીઓ પેસેન્જર તરીકે રીક્ષામાં બેસી ઓટો રીક્ષામાં એકલ દોકલ પેસેન્જરોને બેસાડી, તે પછી પેસેન્જર તરીકે રીક્ષામાં હાજર અન્ય સાગરીતો આ પેસેન્જરો પાસે કોઈ થેલો કે બેગ વિગેરે હોય તો, તે થેલા કે બેગને રીક્ષાના પાછળના હુડના ભાગે મુકાવી દઈ ત્યારબાદ બીજા પેસેન્જરો પણ બેસાડી રીક્ષામાં ભીડનો લાભ ઉઠાવી, ટારગેટ કરેલ પેસેન્જર ની નજર ચુકવી તેના થેલા કે બેગમાંથી કીમતી માલ મતાની ચોરી કરી લે છે. અને આ કામ પુરૂ થતા એકબીજાને ઈશારો કરી દેતા, રીક્ષાનો વાયર તુટી ગયેલ છે તેવુ કોઈપણ બહાનુ બતાવી રોડ પર રીક્ષા ઉભી રાખી દઈ તેમ કહી આવા પેસેન્જરોને રીક્ષામાંથી ઉતારી દઈ ચોરી કરેલ માલમતા લઈ આરોપીઓ ત્યાથી નિકળી જતા હોય છે.આ કામ માટે આરોપીઓ, પોતાની રીક્ષામાં પેસેન્જરો મેળવવા માટે, મોટા ભાગે બહાર ગામથી આવતા માણસો ટાર્ગેટ બની શકે તેવો વિસ્તાર મોટાભાગે પસંદ કરતા હોય છે. જેથી બહારગામ થી આવતા લોકો પાસે મોટી રકમ અથવા વધુ માત્રામાં દાગીના વિગેરે મળી શકે.

## આરોપીઓનો ગુનાહીત પુર્વ ઈતિહાસ

**(૧)** આરોપી મહમદ અસ્લમ ઈસલામુદીન અંસારી નાનો હાલમાં કડી ખાતે ગ્રીન સુપર નામની બેકરી ચલાવે છે અને તે અગાઉ વર્ષ ૨૦૦૨ માં ક્રાઈમબ્રાન્ચ દ્વારા પકડાયેલ અને કાલુપુર પો.સ્ટે. , કાગડાપીઠ પો.સ્ટે. , શાહીબાગ પો.સ્ટે., બાપુનગર પો.સ્ટે. ,સેટેલાઈટ પો.સ્ટે. તથા મણીનગર પો.સ્ટે. ના આ પ્રકારના રીક્ષામાં ચોરી કરવા અંગેના ગુનાઓ શોધાયેલ હતાં. ત્યારબાદ વર્ષ ૨૦૦૫ માં અમરાઈવાડી પો.સ્ટે.ના આ પ્રકારના એક ગુનામાં આરોપી પકડાયેલ છે.

**(૨)** આરોપી ઈરફાન ચાંદભાઈ મનસુરી નાનો મીઠાઈના બોક્સ બનાવવાનુ કામ કરે છે અને તે અગાઉ વર્ષ ૨૦૧૩ માં ક્રાઈમબ્રાન્ચ દ્વારા પકડાયેલ અને રાણીપ પો.સ્ટે. તથા માધુપુરા પો.સ્ટે.ના આ પ્રકારના રીક્ષામાં ચોરી કરવા અંગેના ગુના શોધાયેલ હતા. **(૨)** આરોપી મહમદ રાકીબ મહમદ આરીફ નાનો બેકરીના બીસ્કીટની લારી કડી ખાતે ફેરવે છે અને આરોપી મહમદ અસલમનો ભત્રીજો થાય છે.

## ખોખરા વિસ્તારમા પત્નિને જીવતી સળગાવી દેનાર નરાધમ પતિને પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરનાઓની સુચનાથી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓની દોરવણી હેઠળ તેમજ પોલીસ ઇન્સપેક્ટરશ્રી એચ.એ.રાઠોડ નાઓના માર્ગદર્શન મુજબ સાયબર ક્રાઇમ સેલના પો.સ.ઇ.શ્રી જે.એમ.જાડેજા નાઓએ પોલીસ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરમા પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી મુજબ પ્રિન્કલ ઉર્ફે પીન્ટુ s/o સુરેશભાઇ રામજીભાઇ ક્રિશ્ચયન, ઉવ.૩૨, રહેવાસી : ગામઃ અંતિસર, તા.કપડવંજ, જી.ખેડા, હાલ રહે.અમદાવાદ નાને પકડી પાડેલ છે.

આ ગુનાની હકિકત એવી છે કે, ચારેક વર્ષ અગાઉ આરોપી પ્રિન્કલ તેના પિતા અને ભાઇ સાથે વિનોબા ભાવે નગરમા રહેતો હતો અને કોઇ કામ ધંધો કરતો નહતો, જેથી તેના પિતાએ મકાન વેચી દઇ ગામડે રહેવા જતા રહેલ હતા, તેમ છતાં આરોપી એકલો અમદાવાદમા રહેતો હતો. આ દરમ્યાન તેના મકાનની બાજુમા સુનીતા નામની સ્ત્રી

તેના પતિ ગટુભાઇ (રહે.ડુંગરપુર) ની સાથે રહેવા આવેલ. આરોપી કોઇ કામ ધંધો કરતો નહતો અને સુનીતાના ઘરની આજુ બાજુમા ડામીશ ગીરી કરતો હતો. આ દરમ્યાન સુનીતા અને આરોપી વચ્ચે પ્રેમ સંબંધ બંધાયેલ, એક વર્ષ સુધી સુનીતાના પતિને અંધારામા રાખી પ્રેમ સંબંધ ચાલુ રાખેલ, જે પછી તે સુનીતાને લઇ અમરાઇવાડી સેવન્થ ડે સ્કુલ પાસે એક પટેલના મકાનમા ભાડેથી રહેવા લાગેલ. બે માસ સુધી ભેગા રહયા બાદ સુનીતા અને આરોપી વચ્ચે ઝઘડાઓ ચાલુ થયેલ અને સુનીતા પોતાના સગાના ઘરે જતા રહેવાનુ જણાવતા આરોપીએ અવાર નવાર સુનીતાને માર મારી પોતાની સાથે રહેવા મજબુર કરતો હતો. જેથી સુનીતા પણ આરોપીથી કંટાળી ગયેલ. એક દિવસ સાંજના આઠેક વાગે સુનીતાએ પોતાના કાકાના ઘરે જતા રહેવાનુ જણાવતા આરોપીએ સુનીતાાને માર મારેલ અને ઘરમા ચુલો સળગાવવા રાખેલ કેરોસીન સુનીતાના શરીરે ચાંપી દઇ સુનીતાને જીવતી સળગાવી દીધેલ, જેને પાડોશીઓએ એલ.જી.હોસ્પીટલમા દાખલ કરાવેલ અને સારવાર દરમ્યાન સુનીતા મરણ ગયેલ. આરોપીએ સુનીતાને જીવતી સળગાવી દઇ નાસી છુટેલ અને પોલીસના હાથે પકડાયેલ નહીં, જેને બાતમી આધારે સુખરામનગર પાણીની ટાંકી પાસેથી પકડી પાડી ખોખરા પો.સ્ટે. ઇપીકો કલમ ૩૦૨, વિગેરે મુજબના ગુનાના કામે સોંપવા સારુ પો.ઇન્સ.શ્રી એચ.એ.રાઠોડે તજવીજ હાથ ધરેલ છે.

## ચોરીની એકટીવા સાથે આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદશહેર ક્રાઇમબ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નરશ્રી એ.કે.શર્મા તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી હીમાંશુ શુકલ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી નાઓએ અમદાવાદશહેર વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારુ તથા અટકાવવા સારુ ક્રાઇમબ્રાન્ચના અધિકારીઓને સુચના આપેલ.જે અનુસંધાને ક્રાઇમબ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા નાઓના માર્ગદર્શન અને સુપરવિઝનમા કામ કરતા તેઓના સ્કોડના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.એન.દેસાઇ તથા તેમના સ્કોડના માણસો ગઇ તા.૧૪.૩.૨૦૧૪ નારોજ અમદાવાદશહેરમા પેટોલીંગમા નિકળેલા તે દરમ્યાન તેઓને મળેલ બાતમી હકીકત આઘારે નારણપુરા લખુડી તલાવડી ચાર રસ્તા પાસેથી આરોપી નયન પિયુષભાઇ જાતે મહેતા ઉવ.૩૫ રહે.એ/૧૩ સોમ્ય એપાર્ટમેન્ટ નવરંગ સ્કુલની સામે નવરંગપુરા અમદાવાદશહેર નાને ચોરીના કાળા કલરની હોન્ડા એકટીવા નંબર GJ-1-DP-8188 કિ.રુા.૧૫,૦૦૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડેલ છે.

સદર આરોપીની નયન પિયુષભાઇ જાતે મહેતા ની પુછપરછ દરમ્યાન પોતે ઘર બેઠા મકાન તથા દુકાન ભાડે અપાવી દલાલીનુ કામ કરે છે. અને આજથી દોઢ વર્ષ પહેલા પોતાની પાસે કોઇ ટુ વ્હીલર ન હોય મોટર સાયકલ ની જરુર હોય સાલ હોસ્પીટલની બાજુમા ગોયલ ઇન્ટરસીટીના પાછળના ભાગેથી પાકીગમા મુકેલ કાળા કલર હોન્ડા એકટીવા નં. GJ-1-JE-8311 ની ચોરી કરી પોતાના ઘરે લાવી તે નંબર બદલી નાખી બીજો નંબર GJ-1-DP-8188 નો લખી પોતાના ઉપયોગમા છેલ્લા દોઢ વર્ષથી વાપરતો હતો. અને આ પહેલા સને ૨૦૧૨ ની સાલમા ક્રાઇમબ્રાન્ચમા હથીયારના ગુનામા પણ પકડવામા આવેલ છે. સદરી આરોપીને વધુ તપાસ અર્થે વસ્ત્રાપુર પોલીસને સોપવા તજવીજ કરવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.